પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાન) ફાળવવા બાબત.

# ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

ઠરાવ ક્રમાંક વભદ/૧૦/૨૦૧૫/૨૬૨૪/ક

૧૪, સરદાર ભવન, પાંચમો માળ,

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૩/૦૫/૨૦૧૬

વંચાણે લીધો :-

(૧) વિભાગનો તા. ૨૬/૮/૨૦૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

આમુખ :-

રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા વાજબી ભાવની દુકાનો ફાળવવા બાબતે સંદર્ભમાં વંચાણે લીધેલ ઠરાવથી સંકલિત ઠરાવ કરવામાં આવેલ છે. વાજબી ભાવની દુકાનનો પરવાનો અપરિણિત દીકરીના નામે હોય તો પરવાનો પિતા/માતા/ ભાઇના નામે તબદિલ કરવા અંગેનો પ્રશ્ન લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં રજુ થયેલ હતો. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભમાં જણાવેલ ઠરાવના ફકરા (૯) ની વારસાઇ અંગેની જોગવાઇમાં નીચે મુજબની જોગવાઇ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત વંચાણે લીધેલ ઠરાવની પારા (૯) વારસાઇ અંગેની જોગવાઇ અંગેની શરતોને આધિન વાજબી ભાવની દુકાનનો પરવાનો અપરિણિત દીકરીના નામે હોય તો તે પરવાનો પિતા/માતા/ ભાઇના નામે તબદિલ કરી શકાશે.

સદર ઠરાવનો અમલ આ ઠરાવ રવાના કર્યા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૂકેશ કે. પંડિત)
ઉપ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
(3) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
(૪) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર
(૫) સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,
(૬) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ,
(૭) સિસ્ટમ મેનેજરશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ તરફ સદર ઠરાવની નકલ વેબ પોર્ટલ પર મૂકવા સારૂ,
(૮) શાખા પસંદગી ફાઇલ

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :-</u>

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(3) માન. રા.ક.મંત્રીશ્રી (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.